# સુરત મહાનગરપાલિકા
# સુમન મા.શાળા સેલ.

---

સુમન.મા.શાળા સેલ/આઉટ/નં.૩૯૧
તારીખ:૦૧/૧૦/૨૦૨૨

પ્રતિ,
.......................................
.......................................
.......................................
.......................................

વિષય: સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલો ખાતે સંગીતના સાધનો ખરીદવા બાબત.

સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલો ખાતે સંગીતના સાધનો ખરીદવાનાં કામે નીચે સહી કરનાર સમક્ષ તા.૦૬/૧૦/૨૦૨૨ નાં રોજ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં બંધ કવરમાં ભાવપત્રકો મોકલવાનાં રહેશે.

પત્રક – અ

| અ.નં. | સંગીતના સાધનોની વિગત | બ્રાન્ડ/સ્પેશિફીકેશન | યુનિટ રેટ રકમ રૂા. | GST દર રકમ રૂા. | કુલ રકમ રૂા. (૫+૬) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૫ | ૬ | ૭ |
| 1 | હાર્મોનિયમ | (૫ સ્પોલર) | | | |
| 2 | હાર્મોનિયમ | (૭ સ્પોલર) | | | |
| 3 | ઢોલક | (થાપ ઢોલ) | | | |
| 4 | તબલા (જોડી) થેલો, ઓવણ, હથોળી સાથે | | | | |
| 5 | મંજીરા | પીત્તળ સેટ | | | |
| 6 | મંજીરા | કાંશા સેટ | | | |
| 7 | ખંજરી | | | | |
| 8 | મોટુ ડ્રમ | (સાઈઝ–૨૩) | | | |
| 9 | મોટુ ડ્રમ | (સાઈઝ–૨૫) | | | |
| 10 | મોટુ ડ્રમ | (સાઈઝ–૨૭) | | | |
| 11 | નાના ડ્રમ | (સાઈઝ–૧૨) | | | |
| 12 | નાના ડ્રમ | (સાઈઝ–૧૩) | | | |
| 13 | ઘુઘરા સેટ | | | | |
| 14 | કરતાલ | | | | |
| 15 | બ્યુગલ | | | | |
| 16 | મરાકસ | | | | |
| 17 | ટ્રાઈન્ગલ | | | | |
| 18 | માઈક | (58 ap.) | | | |
| 19 | એમ્પલીફાયર | ( 250 watt) | | | |
| 20 | સ્પીકર | ( 120 watt) | | | |
| | કુલ | | | | |

SD/-
ડે.મ્યુનિ.કમિશ્નર
સુમન મા.શાળા.સેલ
સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા
સુમન મા.શાળા સેલ.

ભાવપત્રકની શરતો અને બોલીઓ

| | |
|---|---|
| ૧. | ઈજારદાર (૧) કંપની ઓથોરીટી લેટર (૨) વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન અને (૩) જી.એસ.ટી સર્ટીફીકેટની સ્વપ્રમાણિત કરેલ હાર્ડકોપી તેમજ સદરહું ભાવપત્રકની મૂળ/ નકલ સહી–સિકકા સહિત બંધ કવરમાં અચૂક રજૂ કરવાનાં રહેશે. અને કવર ઉપર કામનું વર્ણન, રેફરન્સ નંબર તેમજ ભાવપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખનો ઉલ્લેખ કરી સુમન મા.શાળા સેલ સુરતને નિર્ધારીત તારીખ સુધીમાં મોકલી આપવાનું રહેશે. ત્યારબાદ મળેલ ભાવપત્રક/ઓફર સ્વીકારવામાં આવશે નહી. તે અંગેનો અબાધિત હકક સુમન મા.શાળા સેલને જ રહેશે. |
| ૨. | **ઈજારદારે જણાવેલ ભાવ એક વર્ષ માટે આપવાના રહેશે. જણાવેલ ભાવો એક વર્ષ માટે માન્ય રહેશે જણાવેલ ભાવોમાં સુમન શાળાની જરૂરીયાત મુજબ વર્ષમાં દરમ્યાન જયારે પણ સંગીતના સાધનોની જરૂરીયાત ઉભી થાય તો તે જરૂરીયાત મુજબ જણાવેલ ભાવે સપ્લાય કરવાની રહેશે. તે મુજબ જ ભાવ ભરવા.** |
| ૩. | ઈજારદારે જણાવેલ ભાવો તમામ વેરા–ડયુટી, સ્થાનિકવેરા, સર્વિસ ચાર્જ વિગેરેનો સમાવેશ કરી રજુ કરવાના રહેશે. GST ના દરમાં જે કોઈ વધારો/ઘટાડો સરકારશ્રી દ્વારા કરવામાં આવશે તે પ્રમાણે વધારો/ઘટાડો કરવા ઈજારદારને બંધનકર્તા રહેશે. |
| ૪ | સુરત મહાનગપાલિકા જરૂર જણાયે શરતોમાં ફેરફાર કરી શકશે જે ઈજારદારને બંધન કર્તા રહેશે. |
| ૫ | સફળ ઈજારદાર તરફથી કવોટેશનમાં દર્શાવવામાં આવેલ સરનામા ખરા છે અને તે સરનામામાં કોઈપણ ફેરફાર થાયતો તેની સુમન મા.શાળા.સેલને સફળ ઈજારદારે તાત્કાલિક લેખિત જાણ કરવાની રહેશે. સફળ ઈજારદારે જણાવેલા તેમના સરનામાં ઉપર જે કઈ પત્ર વ્યવહાર કરે તે કોઈપણ કારણસર પાછો આવે તો પણ તે તેને પહોચેલો ગણાશે. |
| ૬ | સફળ ઈજારદારને કામની સોંપણી થયેથી સદર કામ અંગે રૂા.૩૦૦/–ના એક એવા ત્રણ સ્ટેમ્પ પેપર ઉપર (૧) કરારનામુ ( Article 5(h) Agreement (not otherwise Provided for) (૨) સ્યોરીટી– (Article 32 Letter of Guarantee) (૩) અંડર ટેકિંગ– (Article 29 Indemnity Bond) કરવાના રહેશે. (સ્યોરીટી આપનાર પાર્ટીના પુરાવા (આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, પાનકાર્ડ કરારનામુ સાથે અચુકથી દર્શાવવાના રહેશે.) |
| ૭ | સુરત મહાનગરપાલિકા દ્વારા એકવાર મંજુર થયેલા ભાવો બાબતે ઈજારો મંજુર કર્યા બાદ પાછળથી કોઈપણ જાતના ભાવમાં ફેરફારની માંગણી માન્ય રાખવામાં આવશે નહી. |
| ૮ | શરતી ભાવપત્રકો રદ થવાને પાત્ર રહેશે. |
| ૯ | ઉકત કામ અંગે કોઈ તર– તકરાર ચલાવી લેવામાં આવશે નહી તેમ છતા તમામ વિવાદ સુરત કોર્ટની હકુમતને આધિન રહેશે. |
| ૧૦ | કવોટેશનની વિગત અંગે વધુ માહિતી સુમન મા.શાળા સેલ, સુમન હાઈસ્કુલ નં.૧૮ (પુણાગામ), (ગુજરાતી માધ્યમ) નારાયણ નગર, મિરામ્બીક સોસાયટી સામે, કાલાપુલ, પુણાગામ સુરત–૩૯૪૨૧૧ પાસેથી કામકાજના દિવસ દરમ્યાન મળી શકશે. |
| ૧૧ | કામ અંગેના તકરારી મુદ્દામાં સક્ષમ સત્તાધિશનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. |
| ૧૨ | કવોટેશન સ્વીકારવાની આખરી તારીખના કામકાજના બીજા દિવસે અનુકુળતા હશે તો અથવા અન્ય અનુકુળ દિવસે/ સમયે કવોટેશનો ખોલવામાં આવશે. |
| ૧૩ | સુરત મહાનગરપાલિકા ધ્વારા બીલની ચુકવણી ઓન લાઈન કરવામાં આવતી હોય, આપશ્રી પાસે સુરત મહાનગરપાલિકાનો પાર્ટીકોડ ન હોય, તો તાકીદે સુરત મહાનગરપાલિકાના હિસાબી વિભાગનો સંપર્ક કરી પાર્ટીકોડ મેળવી લેવાનો રહેશે. પાર્ટીકોડ મેળવ્યા બાદ જ બીલની ચુકવણીની કાર્યવાહી કરવામાં આવશે. |
| ૧૪ | કોઈ પણ ભાવો કે તેના સાધનો માટેના ભાવો સ્વીકારવાના અથવા તમામ ભાવ દફતરે કરવાનો અબાધિત અધિકાર સુરત મહાનગરપાલિકાને રહેશે તથા તે માટે કોઈપણ કારણો આપવામાં આવશે નહી. |
| ૧૫ | જે ઈજારદારનાં ભાવપત્રક મંજુર કરવામાં આવે તે ઈજારદારે અત્રેથી આપવામાં આવનાર વર્કઓર્ડરમાં જણાવેલ સ્થળ પર દરેક સાધનો સારી હાલતમાં સુપ્રત કરવા સુધીની કાર્યવાહી કરવાની રહેશે, ઉપરાંત સુરત મહાનગરપાલિકાના નિયમાનુસાર સીકયુરીટી ડિપોઝીટ ભરવાની રહેશે. |
| ૧૬ | ભાવ પત્રક ખોલાવ્યા બાદ એલ–૧ આવેલ સપ્લાયર્સ દ્વારા જણાવેલ બ્રાન્ડ મુજબ સાધનોની વિગત અત્રેની કચેરીને દર્શાવવાના રહેશે. વિગત દર્શાવતા બ્રાન્ડમાં તફાવત જણાયેથી કામની સોપણી કરવામાં આવશે નહી. |
| ૧૭ | ઈજારદારે ભાવ ભરતા પહેલા સંગીતના સાધનોના સ્પેશીફીકેશન યોગ્ય રીતે ચકાસવાના રહેશે ત્યાર બાદ જ ભાવ ભરવાના રહેશે. વધુ માહિતી માટે ફોન નં:– ૯૦૯૯૦૦૮૬૧૧. |

**SD/-**
ડે.મ્યુનિ.કમિશ્નર
સુમન મા.શાળા.સેલ
સુરત મહાનગરપાલિકા

ઉપર જણાવ્યા મુજબની તમામ શરતો મેં વાંચી છે સમજી છે.
જે તમામ મને બંધનકર્તા છે અને રહેશે.
ઈજારદારની સહીઃ
તારીખઃ
સ્થળઃ